## હરીઓમ વિદ્યાલય માલપુરનું ગૌરવ

માલપુર, તા.૨૧

માલપુરમાં આવેલી શ્રી હરીઓમ માધ્યમિક ઉ.મા. વિદ્યાલય માલપુરનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૯૬ ટકા પરિણામ આવેલ છે. સ્કુલના ભુરાભાઈ સી. ખાટ ૮૦ ટકા માર્કસ સાથે પ્રથમ આવેલ છે. ખુશ્બુ એમ. પટેલ ૭૮.૫૭ ટકા સાથે દ્વિતીય ક્રમે, જયેશ આર. મિસ્ત્રી ૭૪.૪૨ ટકા સાથે તૃતીય નંબરે રહ્યા છે. સુનિલ ડી. પરમાર ૮૦.૬૦ ટકા સાથે પ્રથમ, અનિતા બેન પી. રાઠોડ ૭૮.૨૦ ટકા સાથે દ્વિતીય અને વિજયભાઈ આર. ખત્રી ૭૭.૬૦ ટકા સાથે તૃતીય સ્થાને શાળાનું ગૌરવ વધારેલ છે.

## સુરજ-સંજય જોડીયા ભાઈઓએ માલપુરનું ગૌરવ વધાર્યુ

માલપુર, તા.૨૧

સી.બી.એસ.ઈ. પરીક્ષાનું પરિણામમાં ધોરણ ૧૦માં સુરજ બી. ઉપાધ્યાય ૯૬ ટકા માર્કસ મેળવી ઉર્તીણ થયો છે. જ્યારે સંજય બી. ઉપાધ્યાય ૮૨ ટકા માર્કસ મેળવેલ છે. બંને જોડીયા બાઈઓએ સમગ્ર સમાજમાં પ્રથમ ક્રમાંક મેળવી સમાજનું માલપુરનું ગૌરવ વધારેલ છે.

## ધી માલપુર નાગરિક સહકારી બેંકના ચેરમેન કનકસિંહ રાઠોડ ચૂંટાયા

માલપુર, તા.૨૧

ધી માલપુર નાગરિક સહકારી બેંક લી.ની ચૂંટણીમાં કનકસિંહ રણજીતસિંહ રાઠોડ ચેરમેન તરીકે ચૂંટાયા છે. પૂર્વ ચેરમેન સુમંતભાઈ એન. મહેતા, પૂર્વ સરપંચ યોગેશભાઈ એચ. પંડ્યા તથા જેઠાભાઈ ડી. પટેલ ડિરેકટર તરીકે ચૂંટાઈ આવ્યા છે. ધી માલપુર નાગરિક સહકારી બેંકનો ઈતિહાસમાં સૌ પ્રથમવાર ૨૭ લાખ જેટલો નફો થયો છે.

# માલપુર ગ્રામપંચાયતની નબળી કામગીરીથી અસંતોષ

માલપુર, તા.૨૧

માલપુરના ગ્રામજનોએ ઊંચી અપેક્ષાએ ડિસેમ્બર-૨૦૧૧માં નવીન સરપંચને ખોબલે ખોબલે મતો આપીને ચૂંટી કાઢયા હતા. પરંતુ છ માસ જેટલા સમય વિતવા છતાં ગામના વિકાસની કોઈ કેડી અંકાઈ નથી. ચૂંટાયેલા સભ્યોનો સાથ મેળવવામાં આવે તો પ્રગતિ થાય તેમ છે.

ગામમાં સર્વત્ર જગ્યાએ ગંદકીના ઢગલાં જોવા મળે છે. રાત્રિના સમયે અંધકારમય જોવા મળે છે. પાણીની પાઈપોમાં લીકેજ હોય, પુષ્કળ પાણી નકામું વહી જાય છે. રસ્તાની બંને તરફની કેનાલો કચરાથી ખદબદે છે. ચોમાસું નજીક આવી રહ્યું છે. ત્યારે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા નથી. સ્ટેટ હાઈવેની કેનાલો પૂરી દઈ બાંધકામ કરેલ છે. જેને રોકવામાં આવ્યું નથી.

રાજ્ય સરકારની નિર્મળ ગ્રામ યોજના હેઠળની પેયજળની સ્કીમ હેઠળ રૂા. ૨૦૦૦નો લાભ જાજરૂ-બાથરૂમની સગવડ ધરાવતા લોકો લાભ લેવા પ્રયત્નો કરે છે.

માલપુર ગ્રામપંચાયત પાસે નાણાં નથી એવું કહેવાય છે. ૧૩મા નાણાપંચને સરકારી ગ્રાન્ટ નથી એવી બિનપાયાદાર વાતો જણાવે છે. તો સરપંચ તથા તંત્ર સચેત બને તેમ ગ્રામજનો ઈચ્છે છે.

# ખેડબ્રહ્મામાં પરંપરાગત રીતે નીકળેલી રથયાત્રા

ખેડબ્રહ્મા, તા.૨૧

ખેડબ્રહ્મામાં રાધાકૃષ્ણ મંદિરમાંથી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું પ્રસ્થાન થયું હતું. જે શહેરના માર્ગો પર ફરી સાંજે નીજ મંદિરમાં પરત ફરી હતી. ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન શુભદ્રાની નગર પરિક્રમા નીકળી ત્યારે નગરજનો રથયાત્રામાં ઉત્સાહથી જોડાયા હતા. જય રણછોડ માખણ ચોરના ગગનભેંદી નારાથી ગજવી દીધું હતું. રથયાત્રાનું ગામમાં અનેક સ્થાને ઉમળકાભેર સ્વાગત થયું હતું. રથયાત્રાઓ માટે રસ્તામાં શીરો, શરબત, આઈસ્કીમના સ્ટોલ રાખેલા હતા. રથયાત્રામાં વનવાસી ભાઈએ ઢોલ, ઘોડા, ટ્રેકટરમાં વેશભૂષા વાળાઓએ એનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. રથયાત્રા પહેલાં મંદિરમાં ધજા ચડાવવાની વિધી થયેલ હતી. રથયાત્રા વિવિધ માર્ગો પરથી મોસાળ પક્ષના શ્રી હસમુખભાઈ ટી.મોદીના નિવાસે પહોંચી હતી. જ્યાં મામેરૂ ભરવામાં આવ્યું હતું. રથયાત્રામાં મગ, જાંબુનો પ્રસાદ વહેંચવાયો હતો. પોલીસ બંદોબસ્ત ગોઠવેલ હતા.

## શુભ દિવસે વેચાણ વધ્યું

- કાર અને બાઈકનું વેચાણ ૧૦ ટકા સુધી વધી ગયું
- ગયા વર્ષની સરખામણીમાં અષાઢી બીજના શુભ દિવસે વધુ વેચાણ
- ધસારાને ધ્યાનમાં લઈને આરટીઓ દ્વારા નવી રજીસ્ટ્રેશન નંબર સિરિઝ શરૂ કરાઈ
- અમદાવાદમાં ૪ લાખથી ૧૦ લાખ વચ્ચેની કારનું વધુ વેચાણ થયું
- છેલ્લા ઘણા દિવસથી ઓટો મોબાઈલમાં મંદી હોવા છતાં વેચાણ વધતા ઓટો મોબાઈલ સાથે સંકળાયેલા લોકોને મોટી રાહત થઈ
- ગુજરાતમાં પણ મોટાપાયે વાહનોની ખરીદી કરવામાં અવી
- આકર્ષક નંબરના વેચાણથી વધુ રૂપિયા ૨ કરોડ ઉભા કરાશે

# ડીસા શહેરમાં આનંદ-ઉલ્લાસના માહોલ સાથે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળી


તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા

ડીસા, તા. ૨૧

અષાઢી બીજ નિમિત્તે બનાસકાંઠા જિલ્લામાં નીકળેલી ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બળદેવજીની ભવ્યાતી ભવ્ય શોભાયાત્રાઓને લઈ ભાવિકોમાં હર્ષોલ્લાસનો માહોલ છવાયો હતો. ત્યારે વેપારી મથક ડીસામાં શ્રી સુભાષચંદ્ર બોઝ સેવા સમિતિ દ્વારા આયોજિત પરંપરાગત રથયાત્રાને લઈ લોકોમાં છેલ્લા કેટલાય દિવસોથી આનંદ ઉલ્લાસનો માહોલ જોવા મળતો હતો. ત્યારે સવારે પાંચ કલાકે ભગવાનની આંખોના પાટા ખોલી મંગળા આરતી કરી પાલપુવા, કોળુ, ગવારફળીનું શાક અને ખીચડીનો ભોગ ધરાવ્યા બાદ ડીસા નગરપાલિકાના પ્રમુખ વિપુલભાઈ શાહે રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

હજારો ભાવિકો અને 'જય રણછોડ, માખણચોર'ના પવિત્ર નાદ સાથે રામજી મંદિરથી શરૂ થયેલી રથયાત્રા રીસાલા મહાદેવ, એસ સી ડબલ્યુ ચાર રસ્તા, અંબિકા ચોક, અગ્રવાલ સર્કલ, બગીચા, ભગવતી ચોક, ગાંધી ચોક થઈ રીસાલા ચોકમાં રથયાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. રથયાત્રામાં જોડાનાર ભાવિકો માટે ઠેર-ઠેર ઠંડા પાણી અને શરબતના સ્ટોલ ધર્મપ્રેમી જનતા માટે લગાવવામાં આવ્યા હતા. રથયાત્રામાં ૧ હાથી, પાંચ ઘોડા, ૪૦ ઊંટલારી, ૨ ટ્રકો, ૨ મિની ટ્રક, ૧ શરણાઈ, ૨ ડીજે, ૩ બેન્ડ, ફિટનેસ જીમ અને અંતિધામ વ્યાયમ શાળાના વ્યાયમવીરોનો અખાડો, રાયગોર ટ્યુશન ક્લાસીસની વેશભૂષા સાથે ઐતિહાસિક ઝાંખીઓ, નટના ખેલ સહિત વિવિધ વેશભૂષાઓ અને મંડળીઓએ આકર્ષણ જમાવ્યું હતું.

યાત્રા દરમ્યાન જાંબુ, મગ, કેરી, કાકડી, દાડમનો ૨૦૦ મણ પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. રથયાત્રામાં ગોવાભાઈ દેસાઈ, હાથીભાઈ વાઘેલા, બાદરસિંહ વાઘેલા, મહેશભાઈ દવે, અમૃતલાલ અવસ્થી, પ્રકાશભાઈ ભરતિયા, દિનેશભાઈ, પીવી રાજગોર, કમલેશભાઈ ભવાની, ગણેશમલ શાહ, દશરથભાઈ રાજગોર, નિલેશ પરમાર, હેમજી ઠાકોર, મુન્ના બાપજી, કેવળણભાઈ જોષી, મુકેશભાઈ ત્રિવેદી, શૈલેષભાઈ રાજગોર, રાજુભાઈ દેવીપૂજક, જશુભાઈ દેવીપૂજક, સુરેશ પુરોહિત, રૂપાજી માળી સહિત અગ્રણીઓ તેમજ શ્રી સુભાષચંદ્ર બોઝ સેવા સમિતિના કાર્યકરો જોડાયા હતા. રથયાત્રા દરમ્યાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. રથયાત્રા દરમ્યાન હજારો ભાવિકોએ ભગવાન જગન્નાથજીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રથયાત્રામાં ભાવિકો માટે પ્રસાદના દાતા તરીકે ગોરીબેન મૂળચંદભાઈ એન્ડ લાલચંદભાઈ ફેમિલી ટ્રસ્ટે લાભ લીધો હતો.


બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર સહિત શહેરના રાજમાર્ગો પર આજે જગતનાથ ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નિકળી હતી. જેમાં શહેરના તમામ ધર્મ-જાતિના નાગરિકોએ ઠેર ઠેર ભગવાનનું સ્વાગત કર્યુ હતું અને ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે શહેરના અગ્રણીઓ, વેપારીઓ, સામાજીક સંસ્થાના સભ્યો, બાળકો, મહિલાઓ ઉપરાંત ધર્મપ્રેમી જનતા-ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. જયાં કોમી એકતાના દર્શન થયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# રથયાત્રાના દિવસે કાર અને બાઈકોનું વેચાણ વધ્યું છે

## ગયા વર્ષની સરખામણીમાં વેચાણ ૧૦ ટકા વધ્યું

અમદાવાદ, તા.૨૧

છેલ્લા વર્ષની સરખામણીમાં આ વર્ષે રથયાત્રાના દિવસે કાર અને બાઈકના વેચાણમાં ૧૦ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. મંદીના પરિબળની અસર હોવા છતાં અમદાવાદ શહેરમાં ટુ વ્હીલર અને કાર ડીલરને રથયાત્રાના દિવસે રાહત મળી છે. અમદાવાદના લોકો અને સામાન્ય લોકો મોટાભાગે તહેવારના દિવસે કોઈપણ વાહનની ખરીદી કરે છે અને આ પરંપરા જારી રહી છે. આજ કારણસર ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે પણ રથયાત્રાના દિવસે વેચાણમાં ૫થી ૧૦ ટકાનો વધારો થયો છે. ઘસારાને ધ્યાનમાં લઈને આરટીઓ દ્વારા નવી રજીસ્ટ્રેશન નંબર સિરિજ રજુ કરવાનો નિર્ણય કર્યો છે. મોટાભાગના ઓટો મોબાઈલ શો રૂમમાં આજે જોરદાર ઉત્સાહ જોવા મળ્યો હતો. આરટીઓએ તહેવારને ધ્યાનમાં લઈને સુવિધાના હેતુસર નવી નંબર સિરિજ શરૂ કરી દીધી છે.

અસાઢી બીજને રથયાત્રાનો આયોજન કરવામાં આવે છે. આ દિવસને ખૂબ જ સુભ ગણવામાં આવે છે. આ દિવસે નવી ખરીદી મોટાપાયે થાય છે. તાજેતરના દિવસોમાં દેશમાં ઓટો મોબાઈલ ક્ષેત્રની હાલત જુદા જુદા કારણોસર કફોડી બનેલી છે. જેથી વેચાણ ઘટશે તેમ માનવામાં આવી રહ્યું હતું. પરંતુ તમામને આશ્ચર્ય થાય તે રીતે વેચાણમાં વધારો થયો છે. ગુરૂવારના દિવસે મોટાપાયે વાહનોની ખરીદી થઈ હતી. હોન્ડા, મર્સેડિઝ અને વોક્સવેગન કાર વેચનાર કંપનીના સંજય ઠક્કરે માહિતી આપતા કહ્યું છે કે ગુજરાતમાં કાર માટેની માંગ ઉલ્લેખનીય રહી છે. ગયા વર્ષે યાત્રાના દિવસે ૬૦૦૦થી વધુ ટુ વ્હીલર્સ અને કારનું વેચાણ અમદાવાદમાં થયું હતું. આ વર્ષે સંખ્યામાં ૧૦ ટકાનો વધારો થયો છે. અમારી પાસે ૩૫૦ ટુ વ્હીલર્સ અને ૨૦૦ કાર ડિલિવરી માટેના ઓર્ડર આવ્યા છે. ગયા વર્ષની સરખામણીમાં કારના વેચાણમાં ૫ ટકાનો વધારો થયો છે. તેમા યામાહા, સુઝુકિ, નિશાન અને હોન્ડાઈ કાર વેચનાર લોકોનો મત છે. આ દિવસે ડિલિવરીને પહોંચીવડવાના હેતુસર શહેરમાં મોટાભાગના ઓટો શો રૂમ ખુલ્લા રાખવામાં આવ્યા છે.


માણસા નગરમાં રથયાત્રા પોતાના પરંપરાગત માર્ગ ઉપર ભાવિક ભક્તોની અનન્ય આસ્થાના પ્રતીક રૂપે નીકળી હતી. સમગ્ર માર્ગ ભાવિકોએ 'જય રણછોડ માખણચોર'ના નાદથી ગૂંજાવી દીધો હતો. જ્યાં-જ્યાંથી રથયાત્રા પસાર થઈ ત્યાંના સ્થાનિક રહેવાસીઓ તથા વેપારીઓ પણ ભગવાન જગન્નાથજીનાં દર્શન માટે માર્ગની આસપાસ ગોઠવાઈ ગયા હતા.

# રથયાત્રા પગલે અમદાવાદમાં પોલીસનું આખી રાત કોમ્બિંગ ચાલુ

અમદાવાદ,તા.૨૧

રથયાત્રાના ૨૪ કલાક પહેલા જ ગોમતીપુર વિસ્તારની ખુલ્લી જગ્યમાંથી ૫ જીવતા બોમ્બ મળતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ હતી. એક તરફ રથયાત્રામાં આતંકવાદીઓના હુમલાની દહેશત વચ્ચે આવી ઘટના પ્રકાશમાં આવતા પોલીસ તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું હતુ અને આખી રાત પોલીસે કોમ્બિંગ હાથ ધર્યુ હતુ. પોલીસે જુદા જુદા સંવેદનશીલ વિસ્તારમંથી સંખ્યાબંધ ટપોરીઓની અટકાયત કરી હોવાનું પોલીસ સુત્રોએ જણાવ્યું છે. ગોમતીપુર વિસ્તારમાં પાર્ક કરેલી ટ્રકના પાછળના ભાગે મુકેલી કાળી થેલીમાં જિવતા બોમ્બ છે તેવો મેસેજ પોલીસ કંટ્રોલ રૂમને મળ્યો હતો. જેથી પોલીસે ઘટના સ્થળે જઈ બોમ્બ ડિફ્યુસ કર્યા હતા.

# કચ્છના હસ્તકલા કૌશલ્ય માટે રોજગારીની ક્ષિતીજો

## મિશન મંગલમના અભિયાને નારી સશક્તિકરણને ખૂબ મોટી તાકાત પુરી પાડી છે : નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અષાઢી બીજના નવા વર્ષે કચ્છમાં નખત્રાણા તાલુકાના જીવાપરમાં સેવા ઈન્ટરનેશનલ, દિલ્હી સંસ્થાના ઉપક્રમે હેન્ડીક્રાફ્ટ ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્દઘાટન કરતાં ગૌરવભેર જણાવ્યું હતું કે મિશન મંગલમ્ દ્વારા સખીમંડળના અભિયાને નારી સશક્તિકરણને ખૂબ મોટી તાકાત આપી છે. કચ્છમાં પ્રવાસ વિકાસથી કચ્છના હસ્તકલા કૌશલ્ય માટે રોજગારીની વિશાળ ક્ષિતીજો ખૂલી છે. કચ્છ કલા સેવા ટ્રસ્ટનું સંચાલન કરતી સેવા ઈન્ટરનેશનલ સ્વૈચ્છિક સંસ્તામાં ૪૦૦ બહેનો હસ્તકલા હુન્નર કૌશલ્યથી આર્થિક પ્રવૃત્તિ મેળવે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડૉ. સ્વ. હેડગેવારજીની નિર્ણાતિથીએ મુખ્યમંત્રીએ આ નારીશક્તિકરણનું ઉત્તમ કેન્દ્ર સમાજને ભેટ ધર્યું હતું. આ સ્વસહાય જૂથોનું સંચાલન મહિલાઓ જ કરે છે. ભૂકંપ પછી કચ્છને મુશીબતમાંથી બહાર આવવા, જીવન જીવવાની હામ આપવા અને સંકટોમાંથી પાર ઉતારવામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જેવા અનેક સેવા સંગઠનોએ જે માનવસેવા અને પુનઃનિર્માણ માટેની પ્રવૃત્તિઓ કરી છે તેની ભુમિકા આપી મુખ્યમંત્રીએ આરએસએસની સેવાભાવનાને અન્ય માટે પ્રેરણારૂપ ગણાવી હતી.

મોદીએ જણાવ્યું કે મહિલા શક્તિ માટે આજિવિકાથી સ્વાવલંબનનું આ કેન્દ્ર પણ સેવાક્ષેત્રનુંછે અને કચ્છની હસ્તકલા કારીગરીને પ્રોત્સાહિત કરીને સેવા ઈન્ટરનેશનલે તો કચ્છના પરંપરાગત હસ્તકલા કૌશલ્ય નવા યુગની માંગને અનુરૂપ આધુનિક મોડ આપવાનુંપાયાનુંપ્રશિક્ષણનુંઉમદા કાર્ય ઉપાડ્યું છે. ભારત દુનિયાનો સૌથી યુવાદેશ છે. ૬૫ ટકા યુવા જનસંખ્યા ૩૫ વર્ષની નીચેની છે. એને હુન્નર કૌશલ્યથી પ્રશિક્ષિત કરીને અવસર મળે તો ૨૧મી સદી હિન્દુસ્તાનની સદી બની રહેશે.


**આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...**

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

**લગ્ન વિષયક યુવતી જોઈએ છે**

ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ. પોતાનો સારો ધંધો, ખેતી ધરાવતા યુવક માટે સારી, યોગ્ય, સંસ્કારી બ્રાહ્મણ યુવતી જોઈએ છે. તો યુવતીઓના વાલીઓએ નીચે આપેલ મોબાઈલ ઉપર સંપર્ક કરવો.

મો. નં. ૯૪૨૯૪ ૪૭૦૬૫
મો. નં. ૯૯૧૩૦ ૩૪૬૧૬

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

**પ્રવેશ જાહેરાત**

શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સે.૭, ગાંધીનગર દ્વારા સંચાલિત

**ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ**

કેન્દ્ર કોડ નં. ૦૫૨૯ ખાતે

CCC-BAOU તેમજ અન્ય સર્ટિફિકેટ કોર્સ, સ્નાતક, અનુસ્નાતક કોર્સનું ફોર્મ વિતરણ ચાલુ છે.

પ્રવેશ મેળવવાની છેલ્લી તા. ૩૦-૬-૨૦૧૨ છે.

તો વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી લેવો.

વિશેષ માહિતી માટે સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન કોલેજ કેન્દ્ર પર સંપર્ક કરવો.


## ટેન્ડર નોટીસ

ગાંધીનગર જીમખાનાને ઈનડોર / આઉટડોર રમતો માટે વસ્તુઓની વાર્ષિક જરૂરિયાત હોવાથી તેના માટે ટેન્ડરના ફોર્મ તા. ૨૭/૬/૨૦૧૨ સુધી જીમખાનાની ઓફીસમાંથી ઓફીસ સમય દરમિયાન મેળવી તા. ૩૦/૬/૨૦૧૨ સુધી જીમખાનાની ઓફીસમાં પરત કરી દેવા.

સહી/-
ઓન. મેનેજર
ગાંધીનગર જીમખાના,
સેક્ટર-૧૯, ગાંધીનગર